એનસીઈઆરટી, નવી દિલ્હી પ્રેરિત અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગાંધીનગર દ્વારા

# રાજ્યકક્ષાના કલા ઉત્સવ અંતર્ગત નાટ્યસ્પર્ધા કડી કેમ્પસમાં યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ખીમજી વિશ્રામ હોલમાં એનસીઈઆરટી, નવી દિલ્હી પ્રેરિત અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્યકક્ષાના કલા ઉત્સવ અંતર્ગત નાટ્યકલા સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગરે ભાગ લીધો હતો; જેનો વિષય હતો : 'સ્ત્રી સશક્તિકરણ : બેટી બચાવો - બેટી પઢાવો.'

કાર્યક્રમનું ઉદ્ઘાટન રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે જિલ્લા શિક્ષણાધિકારી બારડ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડી ટી કાપડિયા, કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, જીસીઈઆરટીના ડિરેક્ટર ટી ઍસ જોષીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં વિભિન્ન જિલ્લા તરફથી ૧૭ જેટલી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. પ્રથમ વિજેતા સુરતનું નાટક 'કોહરા : એક અનજાન સચ', દ્વિતિય સ્થાને સાબરકાંઠાનું નાટક 'નેજવાની છાંય તળે' અને તૃતિય સ્થાને મીઠાપુરનું નાટક 'રૂમ નં ૨૦૯' વિજેતા બન્યું હતું.

કાર્યક્રમના અંતમાં ભાગ લેનાર દરેક ટીમને ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીના હસ્તે પ્રમાણપત્ર તથા વિજેતા ટીમને ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ આર જી સ્કૂલનાં કામિનીબેન, જયશ્રીબેન, નંદાબેન તથા પંકજભાઈએ તૈયાર કરાવ્યો હતો, જેમાં દરેક વિભાગના સુપરવાઈઝર તથા આચાર્યએ ખૂબ જ સહકાર પૂરો પાડ્યો હતો. કાર્યક્રમમાં સમગ્ર દિવસ ઉપસ્થિત રહી આચાર્ય સુધાબેન પટેલે વિદ્યાર્થીનીઓ તથા સ્ટાફમિત્રોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસની સ્પર્ધામાં સી ઍમ હાઈસ્કૂલના બે પ્રોજેક્ટ રાજ્યકક્ષાએ

ગાંધીનગર, તા. ૧૭

નૅશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ-૨૦૧૬ની જિલ્લા કક્ષાની સ્પર્ધા ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામભારતી ખાતે યોજાઈ. જેમાં શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩, કડી કૅમ્પસ, ગાંધીનગરના બે પ્રૉજેક્ટ રાજ્યકક્ષાની સ્પર્ધામાં રજૂ કરવા માટે પસંદ થયા છે.

વિભાગ-૨માં ખોરાક અને ખેતી (પ્રોજેક્ટ લીડર પ્રિયાંગી કમલેશભાઈ પટેલ, ટીમ મેમ્બર : ધૃવી વિરસંગભાઈ પટેલ, ધારા એસ પટેલ, પ્રાચી વી પટેલ અને ખ્યાતિ કેસરીસિંહ પરમાર) અને વિભાગ-૪માં સ્વચ્છતા અને પોષણ (પ્રોજેક્ટ લીડર : મયુરધ્વજસિંહ ગજેન્દ્રસિંહ રાવ, ટીમ મેમ્બર : કૌશલ જી પટેલ, આકાશ કે પંચાલ, કલ્પેશસિંહ બી રાઠોડ અને હર્ષ જે ઠક્કર) પ્રોજેક્ટ પસંદ થયો હતો.

આ પ્રોજેક્ટ અંગે માર્ગદર્શન પૂરું પાડનાર શિક્ષક જે બી પટેલ અને ભાગ લેનારા વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી આચાર્ય બી કે પટેલ દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# કે કે પટેલ વિદ્યાલયનું ગૌરવ

## નિબંધ સ્પર્ધામાં વિદ્યાલયની વિદ્યાર્થીની જિલ્લામાં અવ્વલ



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાનો ૪૯મો યુવા મહોત્સવ શ્રી આશારામ ગુરુકુળ, મોટેરા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલય, કોલવડા તરફથી નિબંધ સ્પર્ધા તથા સર્જનાત્મક કામગીરીમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં વિદ્યાલયની વિદ્યાર્થીની દિવ્યાબેન ભરતસિંહ વાઘેલા સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

વિદ્યાલય તથા ગામનું નામ રોશન કરનાર આ વિદ્યાર્થીનીને આચાર્ય ભાવનાબા એ વાઘેલા તથા માર્ગદર્શન શિક્ષક પ્રકાશભાઈ ઍમ પટેલે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા અને પ્રદેશકક્ષાએ તેની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ગાંધીનગરના કલાકારો દ્વારા કડીમાં રંગારંગ સ્ટેજ કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની સિનિયર કલા સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના કલાકારોએ શનિવારે રાત્રે કડી ખાતે એક રંગારંગ સ્ટેજ શો પ્રસ્તુત કરીને પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી મેળવવા સાથે શહેરનું નામ રોશન કર્યું હતું.

કડી જીઆઈડીસી વિસ્તારમાં કાર્યરત સૅરા કંપનીના પરિસરમાં સૅરા સ્ટાફ ક્લબના ઉપક્રમે વાર્ષિક દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જે માટે ગાંધીનગરના આ કલાકારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ૧૯ જેટલા કલાકારોએ ગીત, સંગીત, નૃત્ય, નાટક અને સંગીત નાટકના માધ્યમથી ત્રણ કલાક સુધી એવું ભરચક મનોરંજન સૅરા સ્ટાફના પરિવારજનોને પીરસ્યું હતું કે પ્રેક્ષકો આફરિન પોકારી ગયા હતા.

કશ્યપ નિમાવતના નિર્દેશનમાં પાયલ મહેશ્વરી, નિકીતા પરમાર, ઝરણા કડિયા, હાર્દિકા શુક્લ, પૂજા શાહ, ઋતુજા કાલીકર, દિવ્યકાન્ત વર્મા, મૌન સાધુ, તન્મય પટેલ, અક્ષય પટેલ, મિતરાજસિંહ જાડેજા, બ્રિજરાજસિંહ ઝાલા, સાગર દેસાઈ, મયુર ભાટીયા, મયંક ભટ્ટ, મહેન્દ્ર હડીયા અને પ્રતીક હિરપરાએ 'રંગોત્સવ' નામક આ સ્ટેજ કાર્યક્રમમાં પોતાની કલાની પ્રસ્તુતિ સુપેરે કરી હતી. કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના યુવા કલાકારો દ્વારા જૂનાં-નવાં હિન્દી ફિલ્મોનાં ગીતો, ક્લાસિકલ તથા ફ્રી સ્ટાઈલ નૃત્યો, રાસ-ગરબા તેમજ કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત બે નાટકો 'જાદુગર' અને 'મા તુજે સલામ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત સૅરા સ્ટાફ પરિવારનાં બાળકો, સભ્યોને વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે પ્રૅસિડેન્ટ ઍવોર્ડ વિવેક તિવારીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા તથા વર્લ્ડ યોગા સ્પર્ધાની વિજેતા કડીની વિદ્યાર્થીની પૂજા પટેલ અને દૃષ્ટિ પટેલે યોગનું સુંદર પ્રદર્શન પણ પ્રસ્તુત કર્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ સૅરા પરિવારના વડા વિવેક તિવારી-સીમા તિવારી, અતુલ સંઘવી-સુનિતા સંઘવી ઉપરાંત કશ્યપ નિમાવતના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સૅરા સ્ટાફ ક્લબના સંદીપ દાસ, ઍચ ઍન મંડલ, આર સી પાધી અને આર મહેરિયાએ જહેમત ઊઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન જી ઈ ક્લબ પરિવારના વડા કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં વિવેક તિવારીએ સૌ કલાકારોને આ શાનદાર પ્રસ્તુતિ બદલ બિરદાવ્યા હતા અને કાર્યક્રમને યાદગાર કાર્યક્રમ તરીકે લેખાવ્યો હતો.

# સહજાનંદ ઍચિવરના આંગણે શરદપૂનમના ગરબા





## સંગીતના તાલે અને ઢોલના ધબકારે ૩ હજારથી વધુ ખેલૈયા મસ્ત બનીને ઝૂમ્યા
## વિદ્યાર્થીઓની સાથે શિક્ષકગણ તથા ટ્રસ્ટીઓએ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા

ગાંધીનગર, તા. ૧૭

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા કૅમ્પસ ખાતે શનિવારે રાત્રે શરદપૂનમના ગરબા 'સહજાનંદ રાસ ગરબા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રિત સૌએ શાળા પરિવાર સહ મહાઆરતી કરી દિવ્યતાનો સહજ અનુભવ કર્યો હતો. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીઓ, મેનેજિંગ ટ્રસ્ટી, મેનેજિંગ ડિરેક્ટર, પ્રિન્સિપાલ, શિક્ષકગણ, વાલીગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંગીતના તાલે અને ઢોલના ધબકારે ૩ હજારથી વધુ ખેલૈયા મસ્ત બનીને ઝૂમ્યા હતા. પરંપરાગત પોષાકમાં સજ્જ થઈને આવેલા નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓની સાથે શિક્ષકગણ તથા ટ્રસ્ટીઓએ આ કાર્યક્રમમાં સહભાગી બનીને ગરબે ઘૂમવાનો આનંદ પ્રાપ્ત કર્યો હતો. પ્રતિષ્ઠિત વ્યાવસાયિક એકમોએ આ કાર્યક્રમ માટે સૌજન્ય પણ પ્રદાન કર્યું હતું. નિર્ણાયક તરીકે રંગોલી ગરબા ગૃપના ભાવેશ ત્રિવેદી તથા જીમી સુતરીયાએ પોતાની સેવાઓ આપી હતી.

### ડાયરેક્ટ ❤ સે

સાવ નરસૈયાની જેવું મારું થયું,
હું કમાઈ, પણ રહી નુકસાનમાં
-પ્રજ્ઞા વશી

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સાત ઉચક્કે
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
ઍમ ઍસ ધોની
૬.૩૦

**સ્ક્રીન-૩**
ઈન્ફર્નો (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ઈન્ફર્નો (હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
મિસ ખિલાડી
સવારે ૧૦.૦૦
ઍમ ઍસ ધોની
૧૨.૪૫
મોટુ પાટલુ
૪.૧૫, ૯.૩૦
અન્ના
૬.૩૦

**સ્ક્રીન-૫**
અન્ના
૧૨.૩૦
સાથ ઉચક્કે
૬.૪૫
ઍમ ઍસ ધોની
૩.૧૫, ૯.૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સફળ થયા વગર પાછા ફરાય જ કેવી રીતે ?



**આત્મનાદ**
પુલક ત્રિવેદી

ઘણાં વર્ષો પહેલાંની એક વાત છે. ઑસ્ટ્રેલીયામાં રહેતા બુધ્ધિશાળી અને પૈસે ટકે સુખી પેટ્રીક અને તેના કાકા અત્યંત ખંતીલા અને ઉત્સાહી. લોરેન્સ અંકલને સોનાની ખાણના સર્વે અને ખોદકામ અંગેનું ખૂબ સારું જ્ઞાન. એકવાર લોરેન્સ અંકલે પેટ્રીક પાસે દરખાસ્ત મૂકી કે, એક એવો વિસ્તાર મારા ધ્યાનમાં છે કે જ્યાં ગોલ્ડમાઈનનું કામ કરવામાં આવે તો ખૂબ સોનું મળી શકે તેમ છે. પેટ્રીકને લોરેન્સ અંકલની ગોલ્ડ-માઈનની સમજ ઉપર ખૂબ વિશ્વાસ. પેટ્રીકે અંકલના કહેવા અનુસાર મિત્ર મંડળ અને બેન્ક પાસેથી લોનની વ્યવસ્થા કરી અંકલને ગોલ્ડ માઈનના કામ માટે પૈસા આપ્યા. આધુનિક મશીનરી ખરીદવામાં આવી.

ગોલ્ડ માઈનનું કામ શરૂ થયું. પ્રારંભિક તબક્કામાં જ થોડાક સોનાના અંશ મળી આવ્યા. લોરેન્સ અંકલ ખૂબ 'ઍક્સાઈટેડ' થઈ ગયા. ખોદકામ બમણા વેગથી આગળ ધપાવવામાં આવ્યું. ધીમે ધીમે દિવસો, સપ્તાહો અને મહિનાઓ પસાર થવા લાગ્યા. પ્રારંભિક પ્રાપ્ત થયેલા થોડા સોનાના અંશોને બાદ કરતાં ક્યાંય સોનું ન દેખાયું. પેટ્રીકે લોરેન્સ અંકલને કહ્યું કે, 'આપણે ખૂબ પૈસા ઉધાર લીધા છે. સમય પણ ઘણો થઈ ગયો છે. અને આપણને ક્યાંય સફળતા દેખાતી નથી. આપણે હવે આ કામને પડતું મૂકીએ એમાં જ સાર છે.'

લોરેન્સ અંકલે પેટ્રીકને કહ્યું થોડોક સમય રાહ જોઈએ થોડું વધારે ખોદકામ કરીએ. મારું મન કહે છે કે આપણને સફળતા મળશે અને સારું એવું સોનું પ્રાપ્ત થશે. પેટ્રીક માન્યો અને થોડા દિવસ વધારે નાણાંનું રોકાણ કરવાનુ ચાલુ રાખ્યું. પરંતુ સફળતા ન મળી. હવે પેટ્રીકની ધીરજનો અંત આવી ગયો હતો. એણે લોરેન્સ અંકલને કહ્યું કે, આપણે આ કામ છોડી દેવું જોઈએ. હવે એક પણ દિવસ કામ ચાલુ રાખવાથી વધુ ને વધુ રોકાણ થતું જાય છે અને એમ કરવાની આપણી ક્ષમતા નથી. લોરેન્સ અંકલ પણ હવે પેટ્રીકની વાત સાથે સંમત થયા અને એક જૂની મશીનરી ખરીદનારા ભંગારવાળાનો સંપર્ક કરીને મશીનરી અને સંલગ્ન બાબતો એમણે વેચી દીધી. કબાડીની પાસેથી મળેલાં નાણાં તથા અન્ય એડજેસ્ટમેન્ટ કરીને પેટ્રીકે જેમતેમ કરીને ઉધારી ચૂકવી દીધી.

જે કબાડીએ આ મશીનરી લીધી હતી એ નોખી માટીનો માનવી હતો. એ હાર માનવાવાળો ન હતો. આ કબાડીએ મશીનરી લીધા પછી એક માઈનીંગ ઈજનેરનો સંપર્ક કર્યો. જે સ્થળ ઉપર આ ખોદકામ થયું હતું ત્યાં આ કબાડીએ તેના માઈનીંગ ઈજનેર પાસે નવેસરથી સર્વે અને પ્લાનીંગ કરાવ્યું. માઈનીંગ એન્જિનીયરે આપેલી સલાહ મુજબ માત્ર ત્રણ ફૂટનું જ ખોદકામ કરતાં થોકબંધ સોનું પ્રાપ્ત થયું.

કબાડીને ત્રણ ફૂટના ખોદકામ પછી મળેલા સોનાની વાત જ્યારે પેટ્રીકને ખબર પડી ત્યારે પેટ્રીક પહેલા તો ડીપ્રેશનનો શિકાર બન્યો. અને પછી થોડા સમય બાદ સમાચાર માધ્યમોમાં પેટ્રીક બેસ્ટ ઈન્શ્યોરન્સ એજન્ટ તરીકે ચમકવા લાગ્યો. એ આખા દેશમાં મશહુર બની ગયો. જીવનની સફળતા વિશે પેટ્રીકને એક પત્રકારે પ્રશ્ન પૂછ્યો ત્યારે પેટ્રીકે સરસ વાત કહી, 'જ્યારે જ્યારે મને કોઈ કસ્ટમર ના પાડે અથવા કોઈ કામ મને અસંભવ લાગે ત્યારે હું દૃઢતાપૂર્વક મનમાં બોલુ છું કે, સફળતાથી માત્ર ત્રણ ફૂટ જ હું દૂર છું. અને પછી હું એ ધ્યેય પાછળ પૂરી લગનથી કામ કરવા લાગી જાઉં છું. બસ સફળતા મારી પાછળ પાછળ ચાલી આવે છે.'

પેટ્રિક અને કબાડીની આ વાતમાં દમ છે. જીવનમાં ક્યારેય 'કોઈ પણ કાર્યમાં હાર ન માનવી' એ માત્ર પુસ્તકીયા તકીયા કલામ નથી. જીવનમાં જે ધ્યેય પ્રાપ્ત કરવાનું વિચાર્યું છે, એના માટે સંપૂર્ણ લગન અને નિષ્ઠાથી મંડ્યા રહેવું પડે. વિજેતા માત્ર ચાર પગલાં ચાલતો હોય છે.


પહેલું પગલું પોતાની શક્તિઓ ઉપર સંપૂર્ણ વિશ્વાસનું. હું આ કાર્ય સરસ રીતે કરી શકીશ અને એનું ચોક્કસ પરિણામ પ્રાપ્ત કરીશ કારણ કે, મારી પાસે એ કાર્ય પરીપૂર્ણ કરવા માટે સંપૂર્ણ સજ્જતા છે એવો વિશ્વાસ જ કામની અડધી સફળતા છે. બીજું પગલું છે કામ કરવાની ક્ષમતા અંગે સજાગ બનવાનું. જે કામ કરવાની શક્તિ છે એ શક્તિને કેવી રીતે, કયા સમયે અને કેટલા પ્રમાણમાં ઉપયોગ થશે તો નિશ્ચિત પરિણામ પ્રાપ્ત થશે એનું જાગૃત અને સજાગ મૂલ્યાંકન મહત્વનું છે. ત્રીજું પગલું કાર્યની સ્પષ્ટતા માનસપટ પર હોય. જે કામ કરવાની ક્ષમતા છે, સજાગતા છે એ કામની ચોક્કસ રૂપરેખા અને નિર્ધારીત સમયમર્યાદા, રિસોર્સ અને કાર્યફલકની સ્પષ્ટતા જરૂરી છે. ચોથું સૌથી મહત્વનું પગલું એ છે કે, કોઈની વિચારધારા હાવી થવા ન દેવી જોઈએ. પરંપરાની બહાર ભીડથી અલગ જે ચાલે છે એ વ્યક્તિ જ એક નવો ચીલો ચાતરે છે અને સફળતા એના કદમ ચૂમે છે.

જન્મજાત વિજેતા સ્વયંની શક્તિને સુચારુ રીતે સાંકળતો હોય છે. જીવનના સંઘર્ષમાંથી સફળતાની સુવાસ એવા વ્યક્તિઓ જ પ્રાપ્ત કરી શકે કે જેમના શબ્દકોશમાં પલાયનવાદ નામનો શબ્દ જ ન હોય. કામ લક્ષ્ય સુધી ન પહોંચી શકે અને એટલે મોઢું ફેરવી લેવું એ જમીનમાં મોઢું ખોસીને હકીકતનો સામનો ન કરતાં શાહમૃગ જેવી 'શાહમૃગ નીતિ' જેવી વાત છે.

પ્રત્યેક વ્યક્તિ જીવનમાં ખુશ રહેવા માગે છે, પ્રસન્ન રહેવા ઈચ્છે છે. પણ આનંદ આડેના અંતરાયો અધવચ્ચેથી છોડેલા કાર્યનું પરિણામ છે. હાથમાં લીધેલી વાત અધવચ્ચેથી મૂકાય જ કેવી રીતે ? કાર્યને અધૂરું છોડાય જ કેવી રીતે ? સફળ થયા વગર પાછા ફરાય જ કેવી રીતે ? જીવન સંગ્રામમાં સફળતાનું સૌથી મોટું શસ્ત્ર સ્વયં પર વિશ્વાસનું છે. સંકલ્પ કરવો પડે. ડગલું ભર્યું છે એ પાછું ક્યારેય નહીં પડે. હાથમાં લીધેલું કાર્ય પૂર્ણ ન થાય અને સફળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઈ પ્રકારની આડ વાત કે થાકવાની વાતને કોઈ સ્થાન નથી. આગળ એ જ વધે છે જે અંતરાયને ઓળંગી શકે છે, સાતત્યને વળગી રહી શકે છે, સતત પરિણામને નજર સામે રાખી શકે છે.

શરૂઆત તો શૂરવીરની જેમ કરે પણ સફળતા ન પ્રાપ્ત થાય એટલે વાતને અધવચ્ચેથી છોડી દે... હાર માની લે... એ પલાયનવાદ છે.

'વિજેતા'ની શબ્દકોશમાં પલાયનવાદ નામનો શબ્દ જ ન હોય... પેલા કબાડીની માફક જે સ્વયંની શક્તિને સમજે, સર્વશ્રેષ્ઠ પ્રાપ્ત કરવાની તમન્ના રાખે, પોતાના કામમાં આનંદ પામે, કાર્યમાં ઓતપ્રોત રહે અને લક્ષ્ય નિર્ધારણ કરીને સંકલ્પવાન બને એ વિજેતા જ હોય. ડિપ્રેશનનો ભોગ બન્યા પછી જીવનમાં આગળ વધેલા પેટ્રીકની સફળતા જીવનનો સાચો અંદાજ છે.




**-: ધબકાર :-**

જે કોઈપણ કામ સંપૂર્ણ મન અને હૃદયપૂર્વક કરીએ અને એ કામ પૂર્ણ થાય એ જ સફળતા, અને જો એ કામ ન પૂરું કરી શકીએ તો એ અંતિમ શ્વાસ સુધીની નિષ્ફળતા. પોતાની વિચારસરણી જે લોકો નથી બદલી શકતા એ જીવનમાં કશું જ બદલી શકતા નથી. જે કામ અંદરથી તાકતવર બનાવે એ સારું કાર્ય અને જે કાર્ય અંદરથી નબળા બનાવે એ ખરાબ કાર્ય.

# વૈકલ્પિક તકરાર નિવારણ વિષયે દેશમાં સર્વપ્રથમ વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૧૭

લીગલ રીસર્ચ ફઉન્ડેશન, રાજકોટ અને ડિપાર્ટમેન્ટ ઓફ્ લો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે દેશમાં પ્રથમ રાજકોટ ખાતે આયોજિત વૈકલ્પીક તકરાર નિવારણ વિષય ઉપરનો આંતરરાષ્ટ્રીય સ્વરૂપનો વર્કશોપ યોજાયો હતો, જેમાં વૈકલ્પીક તકરાર નિવારણ રાજકોટ ચાર્ટરની મહત્વપૂર્ણ જાહેરાત પ્રોફેસર કમલેશ જોશીપુરાએ કરી હતી. ચાર્ટર પ્રથમ આઈ. સી. ડી. એ. આર.ના સેક્રેટરી જનરલને સુપ્રત પણ કરવામાં આવ્યું હતું.

૧૧ જેટલા મુદાઓની જાહેરાતમાં મુખ્યત્વે વૈકલ્પીક તકરાર નિવારણ સંદર્ભે પ્રશિક્ષણ, કાયમી સેન્ટરની સ્થાપના, અભ્યાસક્રમોની રચના, અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર સમજૂતીઓ સહિતના મુદાઓનો સમાવેશ થાય છે. વર્કશોપનું ઉદ્ઘાટન આઈ.સી.એ.ડી.આર.ના કન્સલ્ટન્ટ જસ્ટીસ આઈ. પી. વશિષ્ઠના હસ્તે કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે તાજેતરમાં જ વડાપ્રધાન દ્વારા નેશનલ સિકયુરીટી એડવાઈઝર કમિટીમાં સભ્ય તરીકે નિમાયેલા લૉ કમીશન ઓફ ઈન્ડિયાના સભ્ય અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડાયરેકટર બિમલ પટેલ, કાયદા મંત્રાલય અંતર્ગતના આઈ. સી. એ. ડી. આર. સેક્રેટરી જનરલ બી. એસ. સલુજા, લૉ કમિશનના સભ્ય અભયકુમાર ભારદ્વાજ તથા પૂર્વ ઉપકુલપતિ ડો. કલ્પક ત્રિવેદી સહિતના ન્યાયવિદો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકારી કુલપતિ અને વર્કશોપના પેટ્રન પ્રોફે. સંજય ભાયાણીએ આ પ્રસંગે ખાસ હાજરી આપી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી આ પ્રયત્નને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એ.ડી.આર. ન્યૂ દિલ્હી, ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ આર્બીટ્રેશન એન્ડ મીડીએશન, કોચીન, ઈન્ડિયન સોસાયટી ફેર ઈન્ટરનેશનલ લૉ, સહયોગી સંસ્થાઓ હતી અને નોલેજ પાર્ટનર તરીકે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર તથા સહયોગી સંસ્થા તરીકે એચ. એન. શુકલ કોલેજ, રાજકોટ જોડાયેલી હતી.